# બ્લૅક હોલ

હું હવે કંઈ નથી બોલતો,
શબ્દથી એ મને તોળતો.

છે ચરુ, ક્યાંક પેટાળમાં,
રોજ હું જાતને ખોદતો.

હું મથું સહેજ મોટો થવા,
ત્યાં અરીસો મને રોકતો.

બંધ જેને મળ્યાં બારણાં,
અંતમાં બારીઓ ફોડતો.

જોઈતું ના મળે એ પછી,
એ ખુદાને બધે શોધતો.

■

જેમ વ્હિસ્કીમાં બરફ નાખો 'ને કંઈ જાદુ ભળે,
એક જણ આવી મને એવી રીતે લાગ્યું ગળે!

આવજો કહેવાની આદત ગઈ નહીં મારી કદી,
દુ:ખ હું જેવો હલાવું હાથ ત્યાં પાછું વળે.

કોઈને પણ હું મળું, તો આંખ મીંચું બે ઘડી,
હોય છે એવાય લોકો જે દુઆ માફક ફળે.

આપણે લાવ્યાં ખરીદી 'ને પચાવી પણ ગયાં,
'ને ઉગાડયું જેમણે તેઓ જ ભૂખે ટળવળે.

છેવટે તેઓય સ્વાહા થઈ ગયા'તા આગમાં,
જે મજા લેતા હતા જ્યારે બીજાનાં ઘર બળે.

ફેરવીને મોં ભિખારીથી ગયા મંદિર સુધી,
પૂછતાં મૂર્તિને કે, "ઈશ્વર તું શાથી ના મળે?"

એ બીજું કંઈ પણ હશે, પણ ના અણી કે ના ટણી,
હો કલમ તો કોઈની આગળ કદી પણ એ લળે?

શું મજૂરોને નિયમ વિજ્ઞાનનાં ના લાગતાં?
હોય પરસેવે ભીનાં 'ને તોય એ કાયમ બળે!

■

# બ્લૅક હોલ

હાથથી તારા જરા છૂટી ગયો,
ગ્લાસ માફક હું પડ્યો, તૂટી ગયો.

તેંય ભીતર જઈ, નીકળવા જીદ કરી,
હુંય પરપોટો બની ફૂટી ગયો.

સંઘર્યું નહિ એટલે વહેંચી શક્યો,
તું ખરો ભેગું કરી ખૂટી ગયો!

એ હતું નિશ્ચિત, હસુ છું એટલે,
મેં બચાવ્યો, એ મને કૂટી ગયો!

ક્રૉસ તો પાસે જ રાખું છું, ઈસુ!
એકદા લટક્યો તો તું છૂટી ગયો?

■

જાત જેવું કોઈને પણ ચાહવાનું!
એટલે કે ક્રૉસ લઈને ચાલવાનું.

થઈ ગયો તેથી જ 'છું'માંથી 'હતો' હું,
ક્યાં સુધી હોવાપણાંને ધારવાનું?

સૌ સમય આવ્યે જ મળતું હોય છે, પણ,
રાહ જોતા આયખું આ કાઢવાનું?

બહારનાં તોફાન બસ વશમાં નથી અહિં,
રોજ રુદન ભીતરે તો ખાળવાનું.

નિયતિ, પક્ષપાત કરતી મૉનિટર તું,
ફક્ત મારું ધ્યાન તારે રાખવાનું?

■

પથ્થરો વચ્ચે ભટકવાનું અહીં,
તોય તરસ્યાં રહી વરસવાનું અહીં.

આપણે ઝુમ્મર ભલે બન્યાં નહીં,
આગિયા થઈને ચમકવાનું અહીં.

ગાળિયો બાંધી, ઊંચકશે પણ જગત,
એ પછી જાતે લટકવાનું અહીં!

જિંદગી છે! કંઈ બધાને ના ફળે,
એ જ જીવનભર સમજવાનું અહીં!

જીવતાજીવે ન કોઈ સાથ દે,
તો ચિતા પર ખુદ સળગવાનું અહીં.

આંસુઓ ખૂટી ગયા'તાં ત્યારથી,
હોઠ શીખ્યા છે મરકવાનું અહીં.

ઈસને સોને મઢ્યો છે ક્રૉસ પર.
બસ હવે! કાયમ લટકવાનું અહીં.

■

લક્ષ્ય છેલ્લું રહી ગયું ગાદી, એટલે ઝભ્ભો નથી હું પહેરતો,
કેટલી સસ્તી હવે ખાદી! એટલે ઝભ્ભો નથી હું પહેરતો.

સાદગીનો હોય દેખાડો? રહી ગઈ સિમ્બૉલ સ્ટૅટસનું બની,
ક્યાં હવે ખાદી રહી સાદી? એટલે ઝભ્ભો નથી હું પહેરતો.

પહેરનારાઓ બધાં પહેલાં, માનતા વિચારધારામાંય એ,
'ને હવેની જોઈ લે યાદી! એટલે ઝભ્ભો નથી હું પહેરતો.

આમ તો પ્રતીક એ સ્થાપિત હિતનો વિરોધ કરવાનું હતું,
ક્યાં હવે પહેરે તે સૌ વાદી? એટલે ઝભ્ભો નથી હું પહેરતો.

હાથથી જેઓ વણે તેઓ, જો હજુ પણ ઝુંપડાઓમાં રહ્યાં,
ખાદી કેવાઓની થઈ ચાંદી! એટલે ઝભ્ભો નથી હું પહેરતો.

■

હાથ ધોઈ એ રીતે પાછળ પડી,
જિંદગી કારણ વિના કાયમ લડી.

આયખું આખુંય જોઈ રાહ મેં,
પણ જીવું એવી ન આવી કો' ઘડી.

એક તો વાહન ગરીબીનું મળ્યું,
'ને પછી ટ્રાફીક બની, કિસ્મત નડી.

જાતને બાળી શક્યો ના એ શ્રમિક,
એટલે લઈ લેતો બીડીની ગડી.

બહુ અટૅન્શન જોઈએ છે આંખને,
કોઈએ જોયું નહીં ત્યાં તો રડી.

"હું નહીં જીવી શકું તારા વગર",
ધારણાઓ કેટલી ખોટી પડી!

■

# બ્લૅક હોલ

જીવવાની રોજ બદલી નાંખતી કંડીશનો,
’ને પછી કહે જિંદગી, ના જોઈએ ફ્રસ્ટ્રેશનો!

ભક્ત હોવું એટલે શું, હું કહી દઉં ટૂંકમાં?
કોઈનાં ખાલી મગજમાં કોઈનાં પરસેપ્શનો.

હું સમસ્યા લઈ સમય પાસે જતો ના કેમ કે,
સાવ ધડ-માથા વગરનાં આપતો સોલ્યૂશનો.

ભાવ સગપણનાંય તળિયે જઈ અને બેસી ગયા,
લાગણીનાં જ્યારથી અટકી ગયાં રોટેશનો.

તર્ક ’ને સંવાદ તો ગાભા ગણાતા થઈ ગયા,
આંધળી ભક્તિની ચાલી જ્યારથી અહિં ફેશનો.

સુષ્ક, ખરબચડી ત્વચાની જેમ હું તરડાઉં છું,
સ્પર્શના એનાં ગયા ખોવાઈ બૉડી-લોશનો.

ક્યાંય સરહદ ના દીસે ’ને તોય લાગે ભાગલાં,
ઘર મહીં ભીંતો બની ગઈ જ્યારથી પાર્ટીશનો.

સૅમનાં અંતે જ આવે તોય ભારે લાગતું,
જિંદગીમાં રોજ આવે છે નવાં સબમિશનો!

■

બધીયે દુઆઓ ફળી જાય, ના હોં,
ન હો આપણું એ મળી જાય, ના હોં!

મેં ખેંચીને પકડી જ રાખ્યો એ મારગ,
તમે આવો ’ને એ વળી જાય? ના હોં.

ન પીધી મેં દુનિયા, ફકીરી મળી તો,
તમે જગ ધરો; મન ચળી જાય? ના હોં.

છુપાયેલ નફરતને તણખો મળ્યો છે,
એ ટોળામાં ખાલી ભળી જાય? ના હોં.

તમે પીઠ એમ જ હતી થાબડી ને!
પછી ઢીમ એમ જ ઢળી જાય? ના હોં.

ભરોસો કરું જાતનો આંધળો હું,
અને એય પાછી છળી જાય? ના હોં.

■

લે હવે કહે - હું જીવું છું કે મરું છું?
રોજ દફનાવી મને, પાછો ફરું છું.

તું પૂછે છે કેમ આખી જાત દઈ દઉં?
કોઈ માંગે ગ્લાસ, હું ગાગર ધરું છું.

સાવ કોરી હોય ને, તો બહુ બળે છે!
આંખમાં તેથી જ તો સપના ભરું છું.

એ ઘડી શ્રદ્ધા બિચારી તોડતી દમ,
સહેજ શંકા આવતાં જ્યાં હું ડરું છું.

એક ખરતો જોઈ તારો મેંય માંગ્યું,
ત્યારથી હું રોજ તારો થઈ ખરું છું.

દુન્યવી બાબતમાં નિષ્ફળ એટલે છું,
કંઈ કરું ત્યાં તો થતું - આ શું કરું છું?

હાથ પગ માર્યાં ઘણાં, તો પણ ડૂબાયું,
’ને પછીથી સ્થિર પડ્યો રહી તરું છું.

કોતરીને આંખ પર મારી 'તરસ',
એક જણ આવ્યું નહીં વરસોવરસ.

જિંદગી પગમાં પડેલા વાઢિયા,
થઈ જશે મખમલ, તું સહેજે જો પરસ[1].

એટલું અઘરું નથી જીવી જવું,
હું બધું માની લઉં કે છે સરસ.

દુન્યવી સઘળાં નશા છૂટી રહ્યાં,
રોજ ચાખું છું ફકીરીની ચરસ

માંગવું સ્વભાવમાં નહિં એટલે,
કોઈને કહેતો નથી હું કે, "વરસ".

■

---

*1 પરસ = સ્પર્શ*

આમ મળતાં રહે ગળે 'ને આમ મારે રોજ ફ્રાચર,
આપણે પણ મન મનાવ્યું - એ હશે આવા જ, પામર[1]!

છે બહુ ચિંતા અમારી! ગ્લાસ ખેંચી હાથમાંથી,
તેં તરસ છિપાવવા આપી દીધો આખોય સાગર!

સત્યનાં રસ્તા ઉપર ઓછાં મળે છે ચાલનારા,
ચાલવાનું હો પગે ખુલ્લાં અને ધગધગતો ડામર.

જિંદગીનો ક્લાસ છોડી એટલે ચાલી ગયો'તો,
હું હતો હાજર છતાં એણે લખ્યું'તું 'ગેર-હાજર'.

એમનાં પત્તા ગમે તેવા રહ્યા, જીતી જતાં એ,
કાપવા પત્તા બીજાનાં રાખતાં અદશ્ય કાતર.

વાત પગ લાંબા જ કરવાની બધે હોતી નથી હોં,
ટૂંટિયું વાળે ગરીબો, ત્યાંય ટૂંકી થાય ચાદર.

કાફિયા 'ને છંદમાં લે છૂટ તો પણ વાહવાહી?
સો ટકા એનો હશે 'સિક્રેટ' કોઈ 'ગૉડફાધર'!

■

*1 પામર = હલકું, નીચ*

## બ્લૅક હોલ

તું જગતનાં ખેલ જોઈ રોઈ લે,
કાં’ તું આંખો ફોડવાને સોઈ’[1] લે.

ફર્ક શું પડ્યો, નથી પિલાત[2] તો?
હાથ તારા રોજ તું પણ ધોઈ લે.

હું તને મળવા જ નીકળું, ત્યાં જ તો,
આવી બેસી જાય છે આ ઘોઈ[3], લે.

શી રીતે છટકું જીવનનાં હાથથી?
દોહતાં પહેલાં ભરાવે નોઈ[4], લે.

માંડ મળ્યો હું મને ત્યાં તું મળ્યો,
’ને ફરી મેં જાત મારી ખોઈ, લે.

જૂથબંધી, લાગવગ દેખાય ના?
લિસ્ટ તો, મુશાયરાનાં જોઈ લે!

■

---

1 *સોઈ’ = સોઈયો*

2 *પિલાત = ઈસુને ક્રૂસે જડાવવાનું ફરમાન આપ્યા બાદ તેણે પોતાના હાથ ધોઈ નાંખ્યા હતા. આવા સમયે હાથ ધોઈ નાંખવાની ક્રિયાનો મતલબ થતો હતો કે હું આ ક્રિયા મારી મરજીથી નથી કરી રહ્યો.*

3 *ઘોઈ = મુશ્કેલી, આફત*

4 *નોઈ = નોઝણું; દોહતી વખતે ગાય કે ભેંસને પગે બાંધવાનું દોરડું.*

અંતરાત્માના અવાજો પણ તરત ખોવાય જ્યાં,
શહેર આ મડદાઓનું, ના છૂટથી બોલાય જ્યાં.

ત્યાંય કૅમેરાઓ તારે રાખવાના હોય છે?
કોઈના આંસુઓ તારા હાથથી લહોવાય જ્યાં!

આંખ છે ખંડેર જેમાં સ્વપ્નના છે ઝાંખરા,
સહેજ આંટો મારીએ ’ને કંટકો ભોંકાય જ્યાં.

એક આખી જિંદગી જીવી જતો હું હોઉં છું,
સાચવેલાં બંધ પત્રો બે ઘડી ખોલાય જ્યાં.

બહાર હીરાઓ જડેલા માણસોની ભીતરે,
નીકળે ઢેફાં જ નકરા, સહેજ પણ ખોદાય જ્યાં!

ત્યાં પછી ચકલાબજારો શબ્દનાં પણ ચાલશે,
કોઈ ધંધાદારીના ચરણે કલમ સોંપાય જ્યાં.

એક-બે ‘ઍવોર્ડ’ એવાં રાખજો સાહિત્યનાં,
ગુણવત્તા, જોડણી ’ને વ્યાકરણ જોવાય જ્યાં!

■

આમ જુઓ તો, અહોહો! આમ જુઓ તો, અરે!
રોજ સાલી જિંદગી પણ ખેલ કંઈ નોખા કરે.

ઢોર ના આવે તે કાજે ખેડૂતો પહેરા ભરે,
'ને ઘણાં મંડીમાં બેસી એમની ફસલો ચરે.

જે બજાવે કુર્નિશો 'ને રાગ દરબારી લખે,
એ કલમનાં મુખથી તણખાં નહીં લાળ જ ઝરે!

એ જ આખર સર્વનાં ઘાઓ ભરીને જાય છે,
ઘા મહીં જેના અહીં લોકો સદા મીઠું ભરે.

પ્રેમ સૌને પોતપોતાનો મળી શું જાય છે?
આભમાં તો રોજ રાતે કેટલાં તારા ખરે!

■

વાત ઊંચી એ કવિતામાં ઘણી લખતા રહે,
'ને પગથિયાં 'ફાસ્ટ' ચઢવા શુંનું શું કરતા રહે!

જાત સાથે પણ અરીસામાં નજર શું મેળવે!
કૉલરો ઊંચા કરી બાહર જેઓ ફરતા રહે.

મંચ પરથી વાહવાહી લૂંટનારાઓ ઘણાં,
કોઈનાં સબળા શબદથી કેમ હેં, ડરતા રહે?

જે કહે છે – "એક ગુણવત્તા ફકત જોવાય છે",
જોઈ લેવું, સુમડીમાં કોને તેઓ મળતા રહે!

એકલા હાથે ચગાવી જો પતંગો તું જરા,
છૂટ લઈને તો હવામાં કેટલાં ચગતા રહે!

■

મળું છું રોજ તો પણ લાગતું કે છે અજાણ્યો જણ,
મને હું ઓળખું છું - સાવ ખોટી ધારણા એ પણ.

અમારી કોઈ પણ વાતો તમે ના ધ્યાનમાં લો પણ,
અમે આમ જ રહીશું બહાર ’ને તમને મુબારક ધણ.

બપોરે પણ હવે તડકો મને બાળી નથી શકતો,
ન વીતી આપણે છૂટા પડ્યાં એ સાંજની સૌ ક્ષણ.

જરૂરી ક્યાં કે દરિયો પી ગયા બાદ જ છે વરસાતું?
વરસવાનું સતત મારું રહ્યું પીધા પછીથી રણ.

જીવનના માર્ગ પર મારા, તું બસની જેમ દોડી જા,
પછી શું? હુંય જો ઉડ્યા કરું થઈ ધૂળની રજકણ.

■

એ અચાનક જો મળે, વરસાદ જેવું લાગતું,
દૂરથી પાછા વળે, વરસાદ જેવું લાગતું.

સાવ ગોરંભાય છે તારી કમીથી મન છતાં,
આંખ કોરી રહી છળે! વરસાદ જેવું લાગતું.

ઝાડનાં ઠૂંઠા સમો હું હોઉં, તું આવી ચડે,
'ને લીલુંછમ વન ફળે. વરસાદ જેવું લાગતું.

આંખની બારી ઉપર ટીપાંઓ બાઝે એ પછી,
બહાર  સઘળું ઝળહળે, વરસાદ જેવું લાગતું.

હોય વર્ષા 'ને છતાં જે ભીંજવે તે હોય નહિં,
એ પછી પાંપણ તળે વરસાદ જેવું લાગતું.

■